॥ ॐ श्रीहरिः ॥

સતી સીતા.

મ્હેનો ! આર્યસંસારની ગૃહદેવીઓ !

તમે સૌ સમજો છો કે ધર્મ એ મનુષ્યમાત્રનું જીવન છે, અને પવિત્ર ધર્મ આ લોક તથા પરલોકમાં સુખદાતા છે. તેથી દરેક માણસે પોતાનો ધર્મ-કર્ત્તવ્ય શું છે તે જાણવું જોઇએ; એટલા માટે મને એમ ઇચ્છા થાય છે કે તમને તમારો સ્ત્રીધર્મ શો છે તે જણાવવો. પણ લૂખું વ્યાખ્યાન આપવા કરતાં કોઇ પવિત્ર પ્રમદાનું દૃષ્ટાંત લઇ તેના શુભ ચરિત્રમાંથી સારરૂપ ઉપદેશ લેવા યોગ્ય ભાગ દેખાડવો એ મને ઠીક લાગે છે; તેથી આજે હું તમારા સ્ત્રીમંડળમાંનીજ એક પરમ પવિત્ર નારીનું ચરિત્ર કહી બતાવીશ, કે જે તમને ઘણું બોધરૂપ થઇ પડશે એમ હું ધારૂં છું. એ સ્ત્રી તે બીજી કોઇજ નહિ, પણ ભરતખંડનો શણગાર, પતિવ્રતાઓમાં સૌથી શ્રેષ્ઠ, અનન્ય પતિભક્તિની મૂર્ત્તિ, રઘુવંશની કુલવધૂ. જનકવંશને દીપાવનાર, ભગવાન્ રામચંદ્રજીની ધર્મપત્ની, લક્ષ્મીનો અવતાર, શ્રીમતી **સીતાજી** છે, જેના નામનું સ્મરણ, સુખરૂપ દિવસ જવાને, પ્રાતઃકાળમાં લોકો કરે છે; તથા જેનું સતીપણું સંભારી આર્યમહિલાઓ પોતાની સ્ત્રીજાતિનો ગર્વ લાવે છે.

સીતાનો જન્મ સંસારની ઘટમાળની પેઠે માતાના ઉદરમાંથી થયો નથી, તેથી તે અયોનિજા (એટલે ગર્ભમાંથી નહિ જન્મેલાં)

કહેવાય છે. જ્યારે મહારાજા જનક વિદેહી યજ્ઞ કરવાને માટે સોનાના હળથી જમીન ખણવા લાગ્યા ત્યારે પૃથ્વીની અંદરના ભાગમાંથી કૌતક સાથે એક દશબાર વરસની ઘણી સુંદર કન્યા બહાર નીકળી આવી. જનક રાજાને તે વખત કંઇ સંતાન નહોતું તેથી ઇશ્વરઇચ્છાથી અચાનક પોતાને કન્યારત્ન પ્રાપ્ત થયું જાણી તેને પોતાની પુત્રી કરીને ઘેર લઇ જઇ પોતાની પટરાણીને ઉછેરવા આપી; અને પુત્રજન્મ વખતે જેવો ઉત્સવ થાય તેવો ઉત્સવ આખા નગરમાં કરાવ્યો, અને તે કન્યાનું નામ સીતા પાડ્યું,

પછી ક્રમે ક્રમે એ કન્યા મોટી થઇ. પોતે રાજાની કન્યા છતાં સીતાજી બિલકુલ અભિમાન વગરનાં, સરલ મનનાં, લજ્જા, શીલ, વિનય, સૌજન્ય આદિ સદગુણોથી ભરેલાં હતાં. પોતાથી બને એટલું ઘરનું કામકાજ પણ કરતાં, કદિ આળસ કે પ્રમાદ રાખતાં નહિ, અને પોતાના હસમુખા ચહેરાથી હમેશાં સર્વને પ્રસન્ન રાખતાં પોતે કન્યારૂપે હતાં, છતાં એમનામાં ડહાપણ અને ચતુરાઇનો તો પાર જ નહોતો.

જનક રાજાના ઘરમાં શિવનું આપેલું એક ત્ર્યંબક નામનું ધનુષ્ય (કામઠું) એવું જબરૂં હતું કે જેને ખસેડવાને પાંચ હજાર જોદ્ધા કામે લગાડવા પડતા. તે ધનુષ્ય સીતાજી કોઇ વખત રમતમાં આઘું પાછું ફેરવતાં, તે જોઇને જનકરાજાને આશ્ચર્ય ઉત્પન્ન થયું; અને પછી પોતે પ્રતિજ્ઞા કરી કે "જે કોઇ ક્ષત્રિયપુત્ર આ ધનુષ્યને સજ્જ કરીને તે ઉપર શરસંધાન (બાણ ચઢાવવાની ક્રિયા) કરે, તેને મારી પુત્રી સીતા પરણાવવી." આવો નિશ્ચય કરીને પોતાની પુત્રી પરણાવવા યોગ્ય થયલી જોઇ જનક રાજાએ સ્વયંવર આરંભ્યો; અને દેશદેશના રાજાઓને નોતર્યા. પછી સ્વયંવરમંડપમાં પોતાની પ્રતિજ્ઞા બધા રાજાઓની સમક્ષ જાહેર કરી, પણ કોઇ રાજાની હિંમત ધ-

નુષ્ય સજ્જ કરવાની ચાલી નહિ; તેથી જનક રાજા બહુ નિરાશ થયા. પરંતુ એક વખત જ્યારે વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનું રક્ષણ કરવાને અયોધ્યાપુરીના પ્રતાપી રાજા દશરથના પુત્રો **રામ** તથા લક્ષ્મણ, વિશ્વામિત્ર સાથે જનકપુર આવ્યા, ત્યારે પાછો જનકરાજાએ ફરી સ્વયંવર રચ્યો; અને દેશેદેશના રાજાઓને બોલાવ્યા. સર્વ રાજા રાણાઓ, અને વિશ્વામિત્ર સાથે રામલક્ષ્મણ તથા લંકાનો રાજા રાવણવગેરે સ્વયંવરમંડપમાં ભેગા થયા. જનક રાજાએ સર્વની સમક્ષ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી પરંતુ ધનુષ્ય સજ્જ કરવાની તો શું, પણ તેને ઉઠાવવા સરખી કોઇની હિંમત ચાલી નહિ. રાવણ બળ કરી ઉઠાવવા ગયો, ધનુષ્યના ભારથી જમીનપર પટકાઇ પડ્યો: અને ધનુષ્ય તળે ચગદાયો, તેથી લોહીલોહાણ થઇ મદદ માગવા લાગ્યો. આવી સ્થિતિ જોઇ જનક રાજાએ અફસોસ પામી મંડપમાં બેઠેલા રાજાઓને ઘણાં કઠોર વચનો કહ્યાં કે " ખરેખર પૃથ્વી નિવીર્ય થઇ છે. કોઇ ખરો ક્ષત્રિયપુત્ર આજ જગતમાં હયાત નથી. મારી રત્ન જેવી કન્યા કુંવારી જ રહેવાની." લક્ષ્મણથી આ વચન સહન થઇ શક્યાં નહિ. સૂર્યવંશના કુળદીપક દેખતાં જનકરાજા જે અમર્યાદ વચનો બોલ્યા તેનો ઉત્તર આપવા જતા હતા, પણ ગુરુએ ઇસારતથી વાર્યા. રામચંદ્રજીને તે ધનુષ્ય ધારણ કરવાની અભિલાષા હતી, પણ ગુરુઆજ્ઞાની વાટ જોતા હતા, તેથી વિશ્વામિત્રે જનકને કહ્યું કે 'તમારૂં ધનુષ્ય જોવાની અમારા રામને ઇચ્છા છે.' જનકે હર્ષપૂર્વક ધનુષ્ય બતાવ્યું. અને રામચંદ્રજી તે ઉપર બાણ ચઢાવવા ઉઠયા.

એક વખત જનકપુરના બાગમાં રામલક્ષ્મણ ફરવા ગયા હતા, તે વખતે સીતાજી પણ ત્યાં સખીઓ સાથે દુર્ગાને મંદિરે દર્શન કરવા આવેલાં હતાં. એ પ્રસંગે રામસીતાનો દૃષ્ટિમેલાપ થયલો, અને પરસ્પરનું ચિત્ત હરણ થયલું, તે સમયે સીતાજીએ દેવી પાસે એ જ વર માગ-

વાનું વરદાન માગી લીધું હતું. રામ વિષ્ણુનો અવતાર હતા, અને સીતાજી લક્ષ્મીનો અવતાર હતાં તેથી એજ મુકરર હતું—પણ જ્યારે રામચંદ્ર ધનુષ્ય ચઢાવવા ઉઠયા ત્યારે સીતાજીને મનુષ્યભાવથી શંકા થઇ કે 'મારા પિતાએ આવું' કઠણ પણ તે કયાં લીધું. કિશોર વયના સુકોમળ રામ કદાચ નિષ્ફળ થયા, અને બીજો કોઇ બલવાન્ વીર ધનુષ્ય ચઢાવશે તો મારી શી ગતિ થશે ?" એમ કહીને અંબિકાસ્તુતિ કરવા લાગ્યાં. પણ રામ કંઇ સાધારણ મનુષ્ય જેવા મનુષ્ય નહોતા. એ રઘુવંશતિલકે લીલામાત્રમાં ધનુષ્ય ઉઠાવી રાવણને છૂટો કર્યો; તે શરમીંદો થઇ લંકામાં નાશી ગયો. પછી રામે પણછ ચઢાવી અંદર બાણ યોજવા ધનુષ્ય ખેંચી તેના કડકા કરી જમીનપર ફેંકી દીધું. સઘળે જય જયકાર થઇ રહ્યો; જનક અને વિશ્વામિત્રના હર્ષનો પાર રહ્યો નહિ; સીતાજી હર્ષઘેલાં થઇ ગયાં; અને દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી.

પોતાને કુળવાન્ અને મહાપરાક્રમી જમાઈ મળ્યા જાણી જનકરાજા પોતાને ધન્ય માનવા લાગ્યા. તરત વિશ્વામિત્ર સાથે મસલત કરી લગ્નમુહૂર્ત્ત નક્કી કરી જાન લઇ આવવા તેમણે દશરથ રાજાપ્રતિ ગોરસાથે અયોધ્યા કંકોત્રી મોકલી. દશરથ રાજા ધામધુમથી જાન લઇ આવ્યા; અને ઘણા ઠાઠમાઠથી જનકરાજાએ લગ્નનો ઉત્સવ કર્યો. પોતાને એકની એક પુત્રી હતી તેથી આ વખત છુટે હાથે ધન ખરચવામાં જનકે કંઇ મણા રાખી નહિ. સામાપક્ષના સર્વને મોંમાગી પહેરામણી આપી. વરકન્યાને હજારો ગામ, હાથી, ઘોડા, પાલખી, રત્ન, ઘરેણાં, સોનું, ચાંદી, વગેરે આપી સૌને સંતોષ પમાડયો. દશરથ જેવા ઉત્તમ વેવાઇ સાથે સંબંધ જોડી જનકરાજા સુખી થયા. લગ્નક્રિયાથી પરવારી જનકે જાનસાથે સીતાજીને સાસરે વિદાય કીધાં.

સાસરે મોકલતી વખત માતાએ આશિષ દઇ સારી શીખામણ આપી કે "બ્હેન, સાસરામાં સૌસાથે હળીમળીને ચાલજે, બધાંની

પ્રીતિ સંપાદન કરજો, ધણીનાં પ્રીતિપાત્ર બનજો, અને બંને કુળનું નામ દીપાવજો." પોતાની આંસુવાળી આંખ સાથે માની આંસુવાળી આંખ જોતાં સીતાજી સાસરે ગયાં; અને અયોધ્યામાં વહુતરીકેની જીંદગી ગુજારવા લાગ્યાં.

બ્હેનો! સીતાજી મોટા રાજાની કુંવરી હતાં, અને મોટા રાજકુંવરની રાણી હતાં; પણ સાસરામાં તો એક વહુજ હતાં. એટલે પિયેરમાં લીધેલી છૂટ અને માબાપનાં લાડ સૌ ભૂલી ગયાં. પોતાના સ્ત્રીધર્મથી રહિત અને ખરેખરી કેળવણી લીધા વિનાની આ કાળની કેટલીક સ્ત્રીઓ પુરુષસમાન છૂટ અને હક માગવામાં મોટાઈ માને છે તેમ સીતાજી માનતાં નહોતાં. વળી આજની ઘણી સ્ત્રીઓ ઘરકામ અને પતિસેવા કરવાની પડતી મૂકી દુનિયાના લ્હાવા લેવા અને મલિનબુદ્ધિથી દેવદર્શન કરવા દોડતી ફરે છે, તેમ સીતાજી કરતાં નહિ; પણ અહર્નિશ સાસુસસરાની આજ્ઞા ઉઠાવવી અને પતિની સેવા કરી તેમને પ્રસન્ન રાખવા એજ નિત્ય કર્મ કરતાં. કુટુંબમાં કંકાસનું મૂળ સ્ત્રીઓ કહેવાય છે; સાસરા પીયેરની વાત કહાડે, અને સારા નરસા અભિપ્રાય આપે, એટલે કલેશ ઉભો થાય. સીતાજીના પ્રસંગમાં એવું કદિ બનતું નહિ, આજ તો મંદમતિવાળી સ્ત્રીઓ નવરી પડે એટલે વાતોના તડાકા મારવા એક બીજીને ઘેર જાય, અને પોતાનાં છિદ્રને બહુ સંભાળથી ઢાંકી રાખી આખા ગામનાં છિદ્ર ઉઘાડે, પણ આપણાં સીતાજી નવરાં પડતાં ત્યારે ધર્મપુસ્તક વાંચતાં કે પતિનું શુભ ઇચ્છવા ઇશ્વરસ્મરણ કરતાં. ઘણી સ્ત્રીઓને સાસરૂં કંટાળાભરેલું લાગે છે, સાસરે આવવું ગમતું નથી, અને સાસરાની નિંદા તથા પિયેરનાં વખાણ કરવાની ટેવ હોય છે; પણ તેમને ખબર નથી કે પિયેરમાં તો પરોણાં છિયે, અને સાસરૂં તો જીવનપર્યન્તનું સ્થાન છે. સીતાજીએ સાસરે આવી કદિ જનકપુર જવાની વાત પણ સંભારી

ય કર." કૈકેયી કહે, "રામનો સર્વ પ્રકારે એ હક છે, અને મંત્રિવર્ગની તથા પ્રજાવર્ગની એમાં સંમતિ છે, એટલે તે શી રીતે બને?" મંથરાએ કહ્યું "હજી તું સમજતી નથી. રાજાની ઇચ્છા એજ હક ગણાય છે; અને મહારાજ રામને મૂકી ભરતને અભિષેક કરે તો કોણ આડે આવે એમ છે? તારાથી એટલી મહારાજની ઇચ્છા નહિ ફેરવી શકાય? સર્વ રાણીઓમાં તને વધારે વહાલી ગણે છે, તારૂં એટલું કહ્યું નહિ કરે? સ્ત્રીચરિત્રથી શું નથી થઈ શકતું?" કૈકેયી કહે, "મહારાજ ન્યાયમાર્ગમાં દઢ આગ્રહવાળા છે તેથી મારા કહેવાથી અન્યાય કરે એમ મને તો નથી લાગતું." મંથરા કહે, "તો બીજો ઉપાય બતાવું. એટલા બધા તારે વશ ન હોય, અને તારૂં કહ્યું ન કરે તો દેવો તથા અસુરોના સંગ્રામ વખતે તને બે વચન આપીને બંધાયલા તો છે ને? તે વચનો હજુ તેં માગ્યાં નથી, તો તેનો હવે ઉપયોગ કર. તું એક ઓરડામાં રિસાઈને પડી રહે, અને મહારાજ મનાવવા આવે તે વખતે તે બે વચન માગી લે. એક વચનથી ભરતને યુવરાજપદ આપવાનું માગ, અને બીજાથી રામને કાલથી ચૌદ વરસ વનવાસ મોકલવાનું માગી લે એટલે કોઈ તરફના પણ ઉપદ્રવ વગર ભરત નિષ્કંટક રાજ્ય કરશે. ચૌદ વરસ પછી કોણે દીઠી કાલ, ત્યાં સુધી તો આપણા પોબાર અને કૌશલ્યાનું તેજ મંદ, માટે એમ જલદી કર, ને સમય સાધી લે."

મંથરાની આ દુષ્ટ શીખામણથી કૈકયીએ તેમ કર્યું, અને તેના કહેવા પ્રમાણે દશરથ રાજા પાસે વચન માગી લીધાં. દશરથ રાજાએ ઘણી સમજાવી, ધાક બતાવી, કલ્પાંત કર્યું; પણ દૈવને એમ ગમતુંજ હશે, તેથી કૈકયીએ માન્યું જ નહિ. વશિષ્ઠઆદિએ બોધ આપ્યો, પણ એકની બે ન થઇ. એટલે જે દિવસે રામને યૌવરાજ્યાભિષેકનું મુહૂર્ત તેજ દિવસે ચૌદ વરસના મોટા વનવાસ જવાની તૈયારીઓ થવા લાગી.

શણગાર સજી હર્ષમાં અભિષેકની તૈયારીમાં બેઠાં હતાં, પણ રામચંદ્રને ઉદાસ ચહેરે આવતા જોઇ તેમનું મન વ્યાકુલ થવા લાગ્યું. રામ પાસે આવ્યા ત્યારે પછતાં વનવાસ જવાની વાત કહી ત્યારે તો વીજળીના ઝપાટાથી જેમ કોઈ નાજુક વેલ તુટી પડે તેમ સીતાજી પોતાના પતિ ઉપર આવી પડેલું સંકટ જોઇ જમીનપર મૂર્છા ખાઈ પડ્યાં. તેમને શુદ્ધિમાં આણીને રામચંદ્રજીએ તેમનું સાન્ત્વન કરી કહ્યું કે, "પ્રિયે! પિતાજીની આજ્ઞા માન્ય કરી મારે વનમાં જવુંજ પડશે. તમારે કશી ફિકર કરવી નહિ. તમે માતાજીની સેવા કરતાં અહિંજ રહેજો, અને ભરતનું સર્વદા સમાન રાખી તેના કહ્યા પ્રમાણે વર્ત્તજો. ભરત ધર્માત્મા છે, તેથી તમને કોઇ વાતે દુ:ખ પડવા દેશે નહિ. ભરત આજથી આપણા કુલનો તથા આ દેશનો રાજા થયો છે, અને તે મને ઘણો પ્રિય છે, માટે તમારે હમેશાં તેને અનુસરવું. તેનું કદિ અહિત કરવું નહિ, કેમકે અહિત કરનાર પોતાના પુત્રને પણ રાજા સજા કરે છે. તેમ તેના સાંભળતાં કે તેના પરિજન સાંભળતાં મારા રૂપગુણનું વર્ણન કદિ કરવું નહિ, કેમકે સમૃદ્ધિવાળા પુરુષો બીજાનાં વખાણ સહન કરી શકતા નથી. હે પ્રિયે! હું આજ વનમાં જઇશ અને તમે અહિંજ રહો. જેમ હમેશાં મારી આજ્ઞા પાળો છો તેમ આજ પણ પાળો,"

આ વચનો સીતાજીને રુચે તેવાં હતાં? સીતાજી એ સાંભળીને કંઇક ગુસ્સાથી, કંઇક વિનયથી, ને કંઇક પ્રેમથી બોલ્યાં—"હે સ્વામિન! આ વચનો સાંભળવા કરતાં મને મરણપ્રસંગ આવ્યો હોત તો ઠીક હતું. આપનું રાજ્યસુખ નષ્ટ થયાના અને વનવાસગમનના દુ:ખમાં હું બળી રહી છું; તેમાં ઘી હોમવા આપ આવાં નિર્દય વચનો કાં બોલો છો? શું હું આપની સુખદુ:ખની ભાગિયણ થવાને યો-

ગ્ય નથી ? કે આપ વનવાસ ભોગવો અને હું રાજ્યસુખ લેવા અહિં પડી રહું ? સ્ત્રીને પતિસમાગમ સિવાય બીજે કંઈ સુખ સાંભળ્યું છે ? આપ એટલી બધી મને હલકી કેમ ધારોછો ? મારૂં કેટલું દુર્ભાગ્ય, કે મારા પતિનો મારે માટે આવો અભિપ્રાય થયો. પ્રિય ! આપ સમજો કે દુનિયામાં સૌ માણસ પોતાનાજ ભાગ્યથી ભાગ્યશાળી છે, પણ સ્ત્રી તો તેના પતિના ભાગ્યવડે ભાગ્યવંતી છે, હું આપની અર્ધાંગના છું; એટલે આપના પિતાએ આપને વનવાસ જવાની આજ્ઞા આપી તેની સાથે મને પણ મળીજ ચૂકી માટે હું આપની સાથે વનમાં આવવાનીજ. સતી સ્ત્રીઓ પરપુરુષ તરફ દૃષ્ટિ પણ કરતી નથી, તો આપ મને ભરતને અનુસરવાનું કહેતાં લજવાતા કેમ નથી ? ભરત અયોધ્યાનો તો શું, પણ ત્રિલોકનો રાજા હોય, અને ઇંદ્ર, વરુણ કે કામદેવ જેવો સુંદર હોય, તોપણ મારે તે શું કામનો ? મારે તો આપજ સુખદાતા છો, અને સર્વ સ્થિતિમાં આપની સાથેજ મારે અનુપમ સુખ છે. હે પ્રભો ! સ્ત્રીને મોટા મહેલોમાં વસવું, વિમાનમાં બેસીને આકાશમાં ફરવું, વનઉપવનમાં વિહાર કરવા, અને વિવિધ વૈભવનો અનુભવ લેવો તેના કરતાં નિરંતર પતિની સેવા કરવી એજ શ્રેયસ્કર છે. વળી શ્રુતિસ્મૃતિના ધર્મ પાળવા કરતાં પણ પતિસેવા અધિક છે. આ હું આપને ઉપદેશ કરવાનો ડોળ કરતી નથી; પણ નાનપણથીજ મારાં માતાપિતા તરફથી મને એવી શિક્ષા મળેલી છે કે, 'તારો પતિ હરકોઇ અવસ્થામાં હોય તોપણ તારે તેનો આશ્રય કરીને રહેવું' તો તે પ્રમાણે મારે વર્તવું જોઇએ. માટે હે નાથ ! ઘોર અરણ્યમાં હું આપની સાથે નિશ્ચય આવીશ. આપણા વિયોગનું નામ સાંભળીનેજ મને યમદ્વારનાં દર્શન થાયછે, તો આપથી વિખુટી પડેલી હું મારૂં જીવન કેમ ધારણ કરી શકીશ ? આપ માનો કે હું આપને દુઃખકર્ત્તા નહિ થઇ પડું. આપ ત્રિલોકનું પાલન કરવા સમર્થ છો, તો મારૂં કેમ નહિ કરી

શકો ? જંગલ મને પ્રિય છે. જંગલમાં તરેહવાર વૃક્ષો, પુષ્પભારથી લચી ગયલી વેલીઓ, હંસ, બક, કારંડવ આદિ પક્ષીઓથી સુશોભિત જલાશયો, સ્વતંત્ર વિહાર કરતા મૃગો, વનગજો અને તરુકુંજોમાં કલ્લોલ કરતાં પક્ષીઓ જોઇ આપના સહવાસમાં મને આનંદ થશે. માટે આ દાસીની યાચના ધ્યાનમાં લઇ, જેનું ચિત્ત આપમાંજ પ્રીતિવાળું છે તેને સાથે લો. ”

રામચંદ્રજીએ કહ્યું, “ હે જનકનંદિનિ ! જ્યાં સુધી વનનાં દુઃખ વેઠ્યાં નથી ત્યાં સુધી વન સારૂં લાગશે, પણ જ્યારે અનુભવ થશે ત્યારે ઘર સાંભરશે. વનમાં ભયંકર ઝાડીમાં ચાલવું પડશે, પગે કાંટા વાગશે, શરીરે ઝાંખરાંના ઉઝરડા થશે, મોટાં કોતર અને ડુંગરા ઓળંગવા પડશે એ કંઇ ઓછું દુઃખ નથી. વળી ત્યાં વિકરાળ સિંહ, વાઘ, વરૂ વગેરે ફાડી ખાનારાં જનાવરોનો ભય હોય છે; અને ઉપદ્રવ કરતા રાક્ષસો ફરતા ફરે છે, જેમના તરફથી સદા ભયભીત રહેવું પડે છે. જંગલમાં ઘાસ પાંદડાંની પથારીમાં સુવું પડશે, અને ત્યાં સાપ, વિંછી, કાનખજૂરા વગેરે પ્રાણીઓના ડંખ સહન કરવાનો પ્રસગ આવશે. કંદમૂળ અને ફલાહાર કરીને કે વખતે ઉપવાસ કરીને દિવસ ગુજારવા પડશે. માટે હે સીતા ! તમારા જેવી સુકોમળ સ્ત્રીને માટે જંગલ યોગ્ય નથી; માટે હઠ ન કરો, ને અહિંજ રહી, મારા વિયોગથી દુઃખી થયેલાં તમારાં સાસુ તથા સસરાની સેવા કરી તેમનો દુઃખભાર ઓછો કરો. ”

રામચંદ્રજીનો આ પ્રત્યેક શબ્દ સીતાજીને તીક્ષ્ણ બાણ જેવો લાગતો હતો. વિયોગનો વિચાર આવતાંજ તેમને કંપારી આવતી હતી, તેથી રડતી આંખે ડસકાં ભરતાં સીતાજી બોલ્યાંઃ-“ સ્વામિનાથ ! હૃદયવલ્લભ ! મારા કયા અપરાધથી આપ મારો ત્યાગ કરવા તૈયાર થયા છો ? આપની છાયા જેવી હું કદાપિ આપનાથી અન્યભાવે વર્ત્તી નથી.

મેં જન્માંતરે પણ આપના દર્શનસુખ સિવાય બીજી ઇચ્છા કરી નથી. હે નાથ ! જરૂર માનો કે હું આપના સિવાય વૈભવની કે સુખની લાલસાવાળી અધમ સ્ત્રીમાંની નથી. અરેરે ! આપ જંગલમાં વસી તપસ્વી થઇ દુઃખ અને ભૂખ સહન કરતા વનચરની પેઠે ભટકો; અને હું, જે આપનુંજ બીજું અંગ તે રાજમંદિરમાં આરામમાં દિવસ ગુજારૂં એ શું બનવા જોગ છે ! પતિનાં સુખદુઃખની દરકાર રાખ્યા સિવાય ફક્ત પોતાનાજ સુખમાં મગ્ન રહેવું, અને પતિસેવાથી વિમુખ રહેવું એ શું ઉત્તમ સ્ત્રીનુ લક્ષણ છે ? એમ થાય તો પછી કુલટામાં ને સતીમાં ફેર શો ? મને તો આપના સમાગમમાંજ સર્વ સુખ છે. જંગલમાં મધુર વચનથી આપનો વનવાસનો કલેશ ઓછો કરીશ. શ્રમથી થાકી ગયલાં આપનાં ચરણકમલ દાબીને આપની પ્રસન્નતા સંપાદન કરી, જલાશયમાંનું નિર્મળ ઠંડું પાણી ભરી લાવી તૃષા સમયે પાઇ, અનંત સુખનો લ્હાવો લઇશ. હે પ્રભુ ! આપની સાથે ઘાસની પથારીમાં સૂવું તેને હું રાજ્યમહાલયના છત્રપલંગપર સુવાથી પણ અધિક માનું છું. આપની સાથે તપસ્વીનો કે જંગલી મનુષ્યનો વેષ તે મને ઇંદ્રાણીના વેશ કરતાં પણ વધારે ગમે છે. જંગલમાં મારે પગે જે કાંટા ભોંકાશે તેને હું રૂ તથા હરણના ચામડા જેવા **નરમ** ગણીશ, અને આપની સાથે ફળમૂળના આહારને હું અમૃતતુલ્ય માનીશ મારો આપની સાથે આ જન્મનોજ સંબંધ નથી, પણ પરલોકનો છે કેમકે "**इह लोके च पितृभिर्या स्त्री यस्य महाबल । अद्भिर्दत्ता स्वधर्मेण प्रेत्यभावेऽपि तस्य सा॥** અર્થાત્ 'આ લોકમાં માતપિતાએ જળથી સંકલ્પ કરીને જે કન્યા જે પુરુષને આપી તે કન્યા મરણ પછી પરલોકમાં પણ પોતાના સ્વધર્મે કરી તેજ પુરુષની સ્ત્રી થાય છે.' તો હે પુરુષોત્તમ ! આપ મને છોડીને શી રીતે છુટા થવા માગો છો ? પુરુષ પોતાની ધર્મપત્ની સિવાય કોઇ પણ ક્રિયા

કરવાને હકદાર નથી. તેથી આપના વનનાં દુઃખ અથવા સ્વર્ગનું સુખ મને સંગે રાખીનેજ ભોગવવાને બંધાયલા છો. માટે મને વનમાં સાથે તેડી જાઓ. આપ છતાં મને દેવોના સ્વામી ઈંદ્રનો કે સાક્ષાત્ કાળનો પણ ભય નથી."

સીતાજીના આટલા આગ્રહ છતાં હજુ વધારે કસોટી કરવા માગતા હોય, તેમ રામચંદ્રજી હજુ આનાકાની કરવા લાગ્યા, તેથી છેવટે છૂટે મ્હોડે રડી ગુસ્સામાં સીતાજી બોલ્યાં કે "જનક રાજાના જમાઇને હું આવા કાયર નહોતી જાણતી. જે પોતાની સ્ત્રીને વિના કારણ તરછોડી જાય છે, એવા જમાઇના ગુણ જાણી મારા પિતાને કેટલો ખેદ થશે ? મને સાથે લેવામાં આપને કોનો ભય લાગે છે ? આપ આવા સમર્થ જણાઓછો તો એક મારૂં અબળાનું રક્ષણ આપનાથી નહિં થઈ શકે ? જે ભરતને લીધે તમારે આટલું દુઃખ સહન કરવાનો પ્રસંગ આવ્યો છે તે ભરતને અનુસરવાની આપ આજ્ઞા આપો છો, એવું કામ કયો શરીર પુરૂષ કબુલ કરે ? મેં બીજા કોઇ પુરૂષનો વિચાર સ્વપ્નામાં પણ કીધો નથી, તે હું કદિ ભરતને તાબે રહેવાની નથી. આપ સુખેથી વન તરફ પ્રયાણ કરો, અને મારા પ્રાણ તેજ પળે પરલોક તરફ પ્રયાણ કરશે. આપ નહિ તેડી જાઓ તો હું આત્મઘાત કરીને મારો જીવ કાઢીશ."

છેવટે રામચંદ્ર ગદ્‌ગદ થયા, અને સીતાજીને સાથે લેવાનું કહી તૈયારી કરવા કહ્યું. લક્ષ્મણે પણ આજીજી કરી સાથે જવાનું કબુલ કરાવ્યું; પછી રામચંદ્રજીએ પોતાના તથા સીતાજીના તમામ વસ્ત્રાલંકાર તથા પોતાની તમામ મિલકત ઉત્તમ બ્રાહ્મણોને અને ગરીબોને દાનમાં આપી. અને સીતા તથા લક્ષ્મણસાથે રામ વનવાસ જવા નિકળ્યા. સુમંત્ર રત્નથી જડેલો રથ લઇ આવ્યો. રાજકુટુંબનાં માણસો અને સૌ પરિજન મળવા ભેગાં થયાં. રાજા દશરથ શોકભારથી બોલી

પણ શક્યા નહિ. સૌ પ્રજા નિસ્તેજ થઇ ગઇ, ને સૌ કોઇ કૈકેયીને ધિક્કાર આપવા લાગ્યું, દશરથે સીતાને માટે ચૌદ વરસ ચાલે એટલા ઉત્તમ વસ્ત્રાલંકારો મંગાવ્યા તેમાંથી રામચંદ્રજીની આજ્ઞાથી સીતાએ ફક્ત બેજ લીધા. તે પહેરી માતા કૌશલ્યાને પગે પડ્યાં. કૌશલ્યાએ આશિષ્ આપી, અને કહ્યું–' પુત્રિ ! ખરેખર, તું અમારા અને જનક રાજાના કુળમાં દીવો નિવડી છે. તારા ભર્ત્તાને અનુસરવામાં તેં તારો સતીધર્મ સિદ્ધ કરી આપ્યો છે, તું દુઃખમાં મારા રામની સહભાગી થઇ છે, એ તારા કાર્યને ધન્ય છે, બધી અવસ્થામાં સ્ત્રીએ પતિને અનુસરવુંજ જોઇએ. કેમકે, **व्रतोपवासनिरता या नारी परमोत्तमा भर्तारं नानुवर्तेत सा च पापगतिर्भवेत्** ॥ એટલે વ્રત તથા ઉપ-વાસ કરવામાં તત્પર એવી ધર્મિષ્ઠ સ્ત્રી પણ જો પોતાના પતિને અ-નુકૂળ થઇને ન વર્તે તો મહા અધમ ગતિને પામે છે, તે તું સમજે છે એમ મારી ખાત્રી થાય છે. માટે કોઇ હલકી સ્ત્રીઓ જેમ સુખ-ભોગમાં તત્પર રહે છે, અને દુઃખ કે દારિદ્ર્યસમયે પતિને પજવે છે, ને ક્લેશરૂપ થઈ પડે છે તેમ કદિ તું કરીશ નહિ. એવી સ્ત્રીઓ શિય-ળને સમજતી નથી, પરપુરુષ સાથે વિલાસ કરવામાં સુખ માને છે, અસત્ય બોલી વારે વારે પોતાના ધણીને છેતરે છે, પતિના હિતમાંજ પોતાનું હિત છે એમ જાણતી નથી; પતિએ આપેલાં વસ્ત્રાભૂષણો તે સ્ત્રીને રાજી કરી શકતાં નથી, તેઓના બાહ્યાચાર અને અંતરના આચાર જુદા હોય છે, તે નિરંતર ક્લેશનું મૂળ હોય છે. એવી સ્ત્રીઓ તરફથી પુરુષને સુખની આશા ક્યાંથી હોય ? ભમરીની પેઠે વધારે રસ-મય જગ્યાએ ઉડી જતાં તેમને વાર લાગતી નથી. તેવી તું નથી, એમ હું જાણું છું, ઉત્તમ સ્ત્રીઓ પોતાના કુળની લાજ કદિ તજતી નથી નિરંતર પતિને વશ વર્તે છે. માટે હે સુમુખિ ! મારા પુત્રને ગમે એવું

સંકટ આવે, તોપણ તું તેને તજીશ નહિ, તું જાણીને સુખ છોડીને જાય છે તો હવે સુખની આશા કરીશ નહિ. તારા સદ્‌ગુણોથી ને તારા સમાગમથી મારા રામનું દુઃખ ઓછું કરજે. મારો લાડકવાયો રામ મારી પાસેથી લાંબો કાળ છૂટો રહી હવે નિરંતર તારા સહવાસમાં રહેશે તું નિરંતર તેને સુખ આપજે."

આમ બોલતાં બોલતાં માતાજીનું હૈયું ભરાઇ આવ્યું. તે વધારે બોલી શકયાં નહિ. પછી સીતાજીએ કહ્યું, "પૂજ્ય સાસુજી! મને આપ સાધારણ સ્ત્રી જેવી સ્ત્રી ધારશો નહિ. તમે આજ્ઞા કરો છો તેમજ હું વર્તીશ. જેમ સારંગી તારવગર અવાજ કરવા સમર્થ નથી, રથ ચક્રવગર ગતિ કરી શકતો નથી તેમ સ્ત્રી પતિવગર કંઇ પણ કરવા સમર્થ નથી. જેમ ચાંદની ચંદ્રથી જુદી થઇ શકતી નથી તેમ સ્ત્રી પતિથી જુદી થઇ શકતીજ નથી. પિતાપુત્રાદિ સંબંધીઓ છતાં સ્ત્રીને પતિ જેટલું સુખ આપનાર કોઇ નથી, એ હું જાણું છું, માટે હું આપના પુત્ર રામ, જે મારાપતિ અને દેવરૂપ છે. તેમની સર્વદા અનન્ય ભાવે સેવા કરીશ."

આ પ્રમાણે વાતચિત કરી, મળી, સૌની આજ્ઞા લઇ, સુમંત્રે જોડેલા રથમાં બેસી, માતાપિતાને રડતાં મૂકી, સીતા તથા લક્ષ્મણ સહિત રામચંદ્રજી પુરજનને પાછાં વાળી ગંગાતટે આવી પહોંચ્યા. ત્યાંથી પગે ચાલી આગળ દક્ષિણ દિશામાં ચાલવા લાગ્યાં, અને ચિત્રકૂટ આવી પહોંચ્યા. ત્યાંથી ભરત વગેરે પિતાના મરણની ખબર લેઇ તેડવા આવેલા તેમને સમજાવી પાછા કાઢયા. અને પાછા જંગલમાં આગળ ચાલ્યા. આગળ અત્રિમુનિનો આશ્રમ આવ્યો. ત્યાં તપોમૂર્તિ અત્રિઋષિને પ્રણામ કરી સૌ બેઠા. ઋષિઓએ રાજકુંવરોનું સારૂં સન્માન કર્યું. પછી રામચંદ્રજીએ અત્રિઋષિનાં પત્ની અનસૂયા સાથે સીતાની મુલાકાત કરાવી. સીતાજી પગે લાગ્યાં અને અનસૂયાએ આ-

શિષ દઇ શીખ દીધી, "ધન્ય છે પુત્રિ! તને, કે રાજપુત્રી છતાં સ્વામિસંગે જંગલનાં દુઃખ વેઠવા પસંદ કરે છે. પતિ નગર, કિંવા ઘોર જંગલમાં વસનારો હોય તોપણ જે સ્ત્રી પ્રીતિથી તેને અનુકૂળ થઇને વર્તે છે તેને ઉભય લોકમાં સુખ છે. પતિ ગમે તેવો અવગુણવાળો કે દરિદ્રી હોય, તોપણ ઉત્તમ સ્ત્રીએ તેનો ત્યાગ ન કરવો; કેમકે પતિ સિવાય તેને અન્ય કંઈ સુખનું સ્થાન નથી. જે સ્ત્રીઓ સુખ ભોગની વિલાસી હોય છે, ને પતિને હુકમ કરવામાં કે, વિષયવાસનાની તૃપ્તિ માટે સ્વતંત્ર ફરવામાં સુખ માને છે, પતિના દુઃખમાં ભાગ લેતી નથી. તે અધમાઓ નરકનીજ અધિકારી છે, માટે તું તારા પતિને અનુસરનારી, પતિનેજ મુખ્ય ગણનારી, સમયપ્રમાણે ચાલનારી, અને પતિને પ્રીતિપાત્ર થજે." આ શિક્ષા કહી ઉત્તમ વસ્ત્રાભૂષણો, કદિ ન કરમાય એવી પુષ્પમાળા, અને હંમેશ સુગંધ આપે એવો અંગરાગ અનુસૂયાએ સીતાને આપ્યો.

આમ આશ્રમો જોતાં સીતાજી વનનાં દુઃખોને ન ગણતાં આગળ ચાલે છે. પણ વિઘ્ન સામેજ હતું. વિરાધ નામનો રાક્ષસ સીતાજીને હરી લઇ રામલક્ષ્મણને મારવા ધસ્યો પણ રામચંદ્રજીએ તીક્ષ્ણબાણથી તેના પ્રાણ લઈ સીતાને છોડાવ્યાં, અને એમ અનેક રાક્ષસોનો સંહાર કરતાં પંચવટીમાં આવ્યાં.

અહિં આવીને સીતાજી રામલક્ષ્મણ સાથે એક પર્ણકુટીમાં રહેવા લાગ્યાં, જેની આસપાસ સુશોભિત ફૂલવાડી સીતાજીએ કરી હતી. એક દિવસ શૂર્પણખા નામની રાક્ષસી કામમોહિત થઇને રામને વરવા આવી, ને સીતાને ખાઇ જવાને તૈયાર થઇ. રામની આજ્ઞાથી તેનાં નાક કાન કાપી લક્ષ્મણે તેને કાઢી મૂકી. તેણે જઇને ખરદૂષણ વગેરે રાક્ષસોને ઉશ્કેરીને મોકલ્યા. પણ પ્રતાપી રામે તે સર્વને મારી સીતાની રક્ષા

કરી. એ ખર સાથેના યુદ્ધમાંથી નાસી જઇ અકંપ નામના રાક્ષસે રાવણને સમાચાર કહ્યા, અને સીતાનું હરણ કરવાને તેને ચઢાવ્યો. તેમ શૂર્પણખાએ આવીને પણ ખૂબ ઉશ્કેર્યો. તેથી એ કામમાં મદદ લેવા રાવણ મારિચ નામના રાક્ષસ પાસે ગયો. મારિચે ઘણુંએ સમજાવ્યો, કે " હે રાક્ષસપતિ ! તને આ વિનાશની મતિ કાં સુઝી ? એ જગતજનની સીતા તરફ કુદૃષ્ટિ કરીને, સર્વશક્તિમાન્ રામનું અપ્રિય કરીને કોણ સુખે બેસે એમ છે ! " પણ અભિમાની રાવણ કંઇ ન માનતાં મારિચ સાથે પંચવટી આવ્યો. મારિચ સોનાના હરણનું રૂપ લઇ સીતા દેખે તેમ ફરવા લાગ્યો, તેને જોઇ સીતાજીએ એ મૃગ પાળવાની, અને જીવતો ન પકડાય તો મારીને લાવવાની, રામ પાસે હઠ લીધી. રામે સીતાજીને લક્ષ્મણને સોંપી મૃગ લેવા ગયા. તે જીવતો ન પકડાવાથી બાણ મારી, તેને મારી નાંખ્યો. મરતી વખતે તે માયાવી મૃગે "હે લક્ષ્મણ ધાજો" એમ બૂમ મારી. તે સાંભળી સીતાજીએ લક્ષ્મણને કહ્યું, "તમારા ભાઈ કંઇ ભયમાં છે માટે તમો મદદે જાઓ. " પણ લક્ષ્મણે " પ્રતાપી રામને ભય ઉત્પન્ન કરે એવું ત્રિલોકમાં કોઇ નથી. કોઇ રાક્ષસનું એ કપટ હશે; " એમ કહી સીતાને એકલાં મૂકી જવાની ના પાડી. પણ સીતાએ હઠ લીધી અને લક્ષ્મણને કેટલાંક હલકાં વચન કહ્યાં ત્યારે તેમને જવું પડ્યું.

અરે ! બિચારાં સીતાજી, પતિવિયોગે મરવા તૈયાર થયેલાં તેમને વિયોગ લખેલોજ હતો. લક્ષ્મણના ગયા પછી રાવણ બ્રાહ્મણનું રૂપ લઇ છળ કરીને સીતાજીને ઉંચકીને ચાલ્યો ગયો. આ દુષ્ટ રાવણનું કપટ છે એમ સીતાજી જાણતાં નહોતાં. રોતાં ને વિલાપ કરતાં સીતાજીને લઇ જઇને રસ્તે જટાયુ છોડાવવા આવ્યો તેને મારીને, રાવણે લંકામાં મૂક્યાં. ત્યાં સીતાને રાવણે બહુ બહુ સમજાવ્યાં. અનેક સુખ-

વિલાસની, અધિકારની લાલચ આપી; પણ સતી સ્ત્રીનું મન પર પુરુષ તરફ કેમ વળે? સીતાજીએ રાવણનો તિરસ્કાર કર્યો, ને રાવણના સામું જોયું પણ નહિ. તેથી અનેક રાક્ષસીઓને સોંપીને રાવણે સીતાને અશોકવનમાં રાખ્યાં; ત્યાં સીતાજી દુઃખે દિવસ ગુજારે છે, રામગુણ ગાયા કરેછે, ને રામને મળવાની કે મરણકાલની રાહ જુએ છે.

હવે પંચવટીમાં રામલક્ષ્મણ પાછા આવી જુએ છે. તો સીતાજી મળે નહિ તેથી તેઓ ગભરાઈ ગયા, અને અનેક શંકાઓ કરવા લાગ્યા. પછી શોધ કરવા નિકળ્યા. રસ્તે વાલીનો વધ કરી સુગ્રીવ સાથે મૈત્રી કરી, ચારે દિશામાં શોધ કરવા વાનરો મોકલ્યા. હનુમાને દક્ષિણ દિશામાં જઈ લંકામાં સીતા છે એમ પત્તો મેળવ્યો. તે ઉપરથી રામચંદ્રે વાનરસૈન્ય લઇ, સમુદ્ર ઓળંગી લંકામાં જઇને પડાવ નાખ્યો ને યુદ્ધની તૈયારી કરી. રાવણ શત્રુસૈન્ય આવેલું જોઈ ચમકયો.

અહિં અશોકવનમાં સીતાને રાક્ષસીઓ ઘણો ત્રાસ આપતી હતી, અને રાવણ અનેક છળ કરતો હતો; પરંતુ શરમા નામની દાસી, જે આસુરી બુદ્ધિવાળી ન હતી, તે સીતાજીને આશ્વાસન આપતી હતી. રામચંદ્રના આગમનની ખબર સીતાને મળતાં તેમને હર્ષની સીમા રહી નહિ. પછી અપાર યુદ્ધ કરી, રાવણને મારી, રામે સીતાને છોડાવ્યાં; પણ સતીપણાની ખાતરી કર્યા સિવાય તેમનો અંગીકાર કર્યો નહિ. તેથી સીતા અગ્નિપ્રવેશ કરી શુદ્ધ થઈ બહાર આવ્યાં ત્યારે રામે આલિંગન આપી પાસે લીધાં, અને સાથે લઈ પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા આવ્યા. પછી રામને રાજ્યાભિષેક થયો, અને સીતાજી રાજાની રાણીનું સુખ ભોગવવા લાગ્યાં. પરંતુ સીતાજીના દુઃખનો હજુ અંત આવ્યો ન હતો. રાવણને ઘેર રહી આવેલાં સીતા સતી કયાંથી હોય એવો લોકોએ અપવાદ આપવા માંડ્યો. તેથી રામે સગર્ભા સીતાજીનો પાછો ત્યાગ કરી તેમને વનમાં મોકલી દીધાં. ત્યાં વાલ્મીકિના આશ્ર-

મમાં સીતાજી રહ્યાં, અને કુશ તથા લવ નામના પુત્રોને જન્મ આપ્યો. તેમને વાલ્મીકિએ અસ્ત્રશસ્ત્રવિદ્યા, અને ઉત્તમ સંગીત સાથે રામકથા શીખવી. પછી રામચંદ્રજીએ અશ્વમેધ યજ્ઞ કર્યો. તે અશ્વ ફરતો ફરતો વનમાં આવ્યો. તેને તે બે બાળકોએ બાંધ્યો ને સાથે આવેલા સૈન્ય સાથે ઘણું યુદ્ધ કર્યું; સર્વને હરાવ્યા, પણ અશ્વ ન આપ્યો. રામ જાતે આવ્યા તે પણ હાર્યા. પણ એ બે બાળકોને જોઇને રામને વાત્સલ્યભાવ પ્રકટયો હતો. તેથી તેમની સાથે સંભાષણ કર્યું ને તેમનું સંગીત સાંભળ્યું તો પોતાનુંજ બધું ચરિત્ર જણાયું તેથી ખાત્રી થઇ કે એ પોતાનાજ પુત્રો છે. પછી રામચંદ્રને સીતાજીનો વિરહ સાંભરી આવ્યો ને દુઃખી થવા લાગ્યા. વાલ્મીકિ પાસે સેવકો મોકલી તેમણે કહેવડાવ્યું કે સીતા પોતાની શુદ્ધિ સાબીત કરી આપે અને મને લોકાપવાદથી મુક્ત કરે તો હું તેનો જરૂર અંગીકાર કરીશ. આ ઉપરથી વાલ્મીકિની આજ્ઞાથી સીતાજી શપથ લેવા તૈયાર થયાં. અયોધ્યામાં સર્વ મંડળ ભેગું થયું ત્યાં સીતાએ પૃથ્વી તરફ જોઇને પગે લાગીને કહ્યું કે, "હે પૃથ્વી માતા! જો હું શુદ્ધ સતી હોઉં અને રામ સિવાય કોઇ પુરુષનો મેં સંકલ્પ પણ ન કર્યો હોય તો મને તારામાં માર્ગ આપ." આમ બોલતાંજ ધરતી ફાટી, અને એક દિવ્ય સિંહાસન નિકળ્યું, તેમાં પૃથ્વીમાતા સીતાજીને ઉંચકી લઇ પાતાળમાં ઉતરી ગયાં. સૌ લોક ચકિત થઈ જોતા રહ્યા, અને દેવોએ સીતાનું સતીત્વ જોઇ ફૂલોનો વરસાદ વરસાવ્યો.

બ્હેનો! સીતાજીનું જીવન આમ અનેક પ્રકારનાં વિકટ દુઃખો સહન કરવામાં ગયું છે. પરંતુ કોઇ પણ પ્રસંગે તેમણે પોતાનું શિયળ તજ્યું નથી, કે રામચંદ્રને વિસાર્યા નથી. જેમ સીતાજીને શિરે વિવિધ આપત્તિઓ આવી પડી હતી તેમ જગતમાં દરેક સ્ત્રીને મથે નાના મોટા વિઘ્નના પ્રસંગો આવ્યા વિના રહેતા નથી. માટે તમે તેવાં વિઘ્નરૂપ સાગરને તરવાની

તૈયારી આગળથી કરી રાખજો. તમારો પતિ આજે સુભાગ્યે લક્ષાધિપતિ હોય અને આવતી કાલે દુર્દૈવને લીધે દરિદ્રાવસ્થામાં આવે તથા પાઈ વિનાનો થઇ જાય. તો તેના ઉપર પ્રેમ ન ઘટાડતાં ઉલટો બમણો વધારજો. કોઇ દુષ્ટ ધારણાવાળો મનુષ્ય તમારી આબરૂ ઉપર હુમલો કરવાને તૈયાર થાય તો તે વખતે તમારાં પ્રાણરૂપ પાપાણને વ્હાલા કરશો નહિ. પરંતુ તમારૂં અમૂલ્ય શિયળરત્ન વ્હાલું કરજો. તમારો પતિ ચીડિયા કે ગરમ સ્વભાવનો હોઇ પોતાનાં વચનથી તમને દૂભવનો હોય તો તેની સામે શિંગડાં ન કરતાં તમારી નરમ વાણીથીજ તેને વશ કરી લેવાનો પ્રયત્ન કરજો. સાસરૂં તે તમારૂં સ્વર્ગ છે, અને ગૃહિણીપદ એ તમારા ઇન્દ્રાણીના ભોગ છે. ગૃહિણી તરીકે તમારી બધી ફરજ બજાવવામાંજ પરમ સંતોષ માનજો. તમારાં સાસુ સસરા તરફ તથા દિયેરજેઠ તરફ વિનયપૂર્વક વર્તજો. તમારી સભ્ય વર્તણુકથી તમે તેમની પ્રીતિ તથા પ્રસન્નતા સંપાદન કરી તો અમર પદ રળ્યાં એમ માનજો, અને તમારા ગર્વ તથા અભિમાન વગેરે દુર્ગુણોથી તેમને અસંતોષ ઉપજાવ્યો તો તમે તમારે હાથે તમારે મ્હોડે કાજળનો થર પડ્યો એમ નિશ્ચયપૂર્વક સમજજો. પિયેરમાં પટરાણી તરીકે રહેવા કરતાં સાસરામાં દાસી તરીકે રહેવાનું પસંદ કરજો. તમારા નાજુક બાંધા તરફ લક્ષ કરી, પ્રવાસમાં તમારા પતિ સાથે જતાં ખંચાશો નહિ, પરંતુ વિકટ પ્રસંગોમાં પણ તેની છાયા તરીકે રહેવા હીંમત ભીડજો. તમારૂં બુદ્ધિબળ વધારી તમારી શાણી સલાહથી તમારા પતિને પ્રધાનરૂપ થઈ પડજો. ટુંકાણમાં તમે પતિના ગુણ જોનારી, સહનશીલ, સુખદુઃખમાં પતિપરાયણ, અને બધી રીતે સતીધર્મ સાચવનારી થજો એ આ લેખની શિક્ષા છે. **અસ્તુ. સુહૃદ.**